# RTI CELL

## SOUTH WEST (ATHWA) ZONE

**અપીલ અરજી નં. SMC/SWZ/FAP/૦૧, તા.૩૦/૧૧/૧૨**

અરજદાર :– શ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાળા

સામાવાળા :– (૧) જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી
આશિષ કે. નાયક, આરોગ્ય વિભાગ ( અઠવા ઝોન )

(૧) જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી
ઈનડોર સ્ટેડીયમ ( અઠવા ઝોન )

**ફરીયાદની હકીકત :–**

**વિષય** :– રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલાની અત્રેની તા.૨૦–૧૦–૨૦૧૨ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૫, એફ.પી.નં.૫૨ ઉપર આવેલ ઈનડોર સ્ટેડીયમ ખાતે નવરાત્રી દરમ્યાન કરવામાં આવેલ આયોજન અંગેની મુદ્દા નં. (૧) થી (૧૭) અંગેની માહિતી આપવા બાબત.

**સંદર્ભ** :– અત્રેની અરજદારની તા.૩૦/૧૧/૨૦૧૨, ની SMC/SWZ/FAP/૪૮ /૧૨–૧૩.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી પિંકલ પ્રફુલ્લચંદ્ર ઘીવાલાએ રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ – ૨૦૦૫ થી તા.૨૦–૧૦–૨૦૧૨ની અરજીથી ટી.પી.સ્કીમ નં.૫, એફ.પી.નં.૫૨ ઉપર આવેલ ઈનડોર સ્ટેડીયમ ખાતે નવરાત્રી દરમ્યાન કરવામાં આવેલ આયોજન અંગેની મુદ્દા નં. (૧) થી (૧૭) અંગેની માહિતી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રી (રાંદેર ઝોન)સુરતની કચેરીમાં તા.૨૦/૧૦/૧૨નાં રોજ કરવામાં આવેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને ડે.ઈજનેરશ્રીએ તેઓનાં પત્ર ક્રમંક નં.વેસ્ટ ઝોન/આરટીઆઈ/આ.નં.૧૨૨૦, તા. ૨૩/૧૦/૨૦૧૨ જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી આશિષ કે. નાયક, સા.વે.(અઠવા) ઝોનની કચેરીમાં તબદીલ કરવામાં આવેઈ. જેનો તેઓનાં **આઈ.ડી.નં.૫૩૧** પડેલ હતો. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી (અઠવાઝોન) તરફથી અરજદારને આપવા જોગ રહેતી મુદ્દા નં.૯ તથા ૧૭ અંગેની આરોગ્ય વિભાગની માહિતી તેઓના પત્રક્રમાંક નં.સા.વે.(અઠવા)ઝોન/આરટીઆઈ/આ.નં.૮૭૭, તા.૦૬/૧૧/૨૦૧૨ થી જવાબી પત્ર પાઠવવામાં આવેલ.

જે સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં અધૂરી વિગત મળેલ છે. તેવુ જણાવી **<u>પ્રથમ અપીલ અરજી</u>** તા.૩૦/૧૧/૧૨ના રોજ આપવામાં આવેલ. જે પ્રથમ અપીલ અરજી અત્રેનાં પત્રક્રમાંક નં.આર.ટી.આઈ.સેલ/ ઈન.નં.૮૧, તા.૩૦/૧૧/૨૦૧૨નાં રોજ આપવામાં આવેલ. જે અપીલ અરજી SMC/SWZ/FAP/૪૮/૧૨–૧૩ નોંધાયેલ હતી.

ઉકત અપીલ અરજી બાબતે અરજદાર તથા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી આશિષ કે. નાયક (આરોગ્ય વિભાગ) સુરતને તા.૧૧/૦૧/૨૦૧૩નાં રોજ બપોરનાં ૪.૧૫ કલાકે રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં. આર.ટી.આઈ./આ.નં.૨૦૩, તા.૦૮/૦૧/૨૦૧૩ થી જણાવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારશ્રી તા.૧૧/૦૧/૨૦૧૩નાં રોજ બપોરના ૪.૧૫ કલાકે અપીલ રૂબરૂ સુનાવણીમાં હાજર રહેલ અને અપીલ સુનાવણી અંગેની કાર્યવાહી બપોરનાં ૪.૨૦ કલાકથી શરૂ કરવામાં આવેલ. જયારે ઉકત તારીખ અને સમયે જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી આશિષ કે. નાયક (આરોગ્ય વિભાગ) સુરત હાજર રહેલ ન હતાં. જેમાં આરોગ્ય વિભાગની માહિતી બાબતે અરજદાર ધ્વારા જણાવવામાં આવેલ કે, તેઓની અરજીમાં જણાવેલ મુદ્દા નં.૯ તથા ૧૭ અંગેની માહિતી અધૂરી મળેલ છે. તથા બાકીનાં મુદ્દાઓઅંગેની માહિતી વિના મૂલ્યે પૂરી પડાવવા જણાવેલ.

.... ૨ ....

વધુમાં, અરજદારની અત્રેની પ્રથમ અપીલ અરજી તા.૩૦/૧૧/૨૦૧૨ ધ્યાને લેતાં તા.૨૯/૧૧/૨૦૧૨ સુધીમાં અને વિલંબિત કારણ સહિત તા. ૧૩/૧૨/૨૦૧૨ સુધીમાં કાયદાની કલમ–૧૯(૬) હેઠળ પ્રથમ અપીલનો નિકાલ કરવાનો રહે છે. પરંતુ અપીલ હેઠળનાં અરજદારની પ્રથમ અપીલ બાદ આજ સમયગાળા દરમ્યાન ગુજરાત રાજય ચૂંટણી પંચ ધ્વારા વિધાનસભાનું ઈલેકશન હાથ ધરેલ હોય. જેમાં અત્રેનાં સત્તામંડળની આ કાર્યક્રમની પૂર્વ તૈયારીનાં ભાગરૂપે તથા વધવા પામેલ કાર્ય ભારણનાં લીધે પ્રસ્તુત હુકમનો સમય અવધિમાં નિકાલ કરી શકાયેલ નથી. જે આપને વિદિત થાય.

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર.ટી.આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ રાજય માહિતી આયોગ સેકટર નં. ૧૮, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમ દિન–૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

## <u>હુકમ</u>

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં અપીલ અરજી નં. **SMC/SWZ/FAP/૪૮, તા.૩૦/૧૧/૧૨** બાબતે નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા. ૨૦/૧૦/૨૦૧૨ ની અરજીથી માંગવામા આવેલ માહિતી પૈકી જયારે જાહેર માહિતી અધિકારી (આરોગ્ય વિભાગ) અઠવા ઝોન તરફથતી માહિતી પુરી પડાયેલ હોઈ, અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ અપીલ અરજી દફતરે કરવામાં આવે છે. તેમ છતાં અરજદાર ઈરછુક હોય જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીનો દિન–૭ માં આગોતરો સમય મેળવી આપેલ માહિતીની ખરાઈ કરી લેવા સ્વતંત્ર છે. અરજદારની તેવી માંગણી થયેથી હુકમની અમલવારી કરવા જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારી(આરોગ્ય વિભાગ) સુરતને જણાવવામાં આવે છે. '' જયારે બાકી રહેલ અરજીમાં જણાવેલ મુદ્દાઓની માહિતી બાબતે અરજદાર મજકુરને તેઓની જરૂરીયાત મુજબનાં રેકર્ડની નકલો આર.ટી.આઈ. એકટની કલમ – ૭ (૬) હેઠળ વિના મુલ્યે દિન – ૭ માં અત્રેની જાણ હેઠળ અરજદારને પુરી પાડવા જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી (ઈનડોર સ્ટેડીયમ , અઠવા ઝોન) સુરતને જણાવવામાં આવે છે.''

(ડી.એમ. પટેલ)
અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
રાઈટ ટુ ઈન્ફોર્મેશન સેલ, સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન,
સુરત મહાનગરપાલિકા.

નં.સા.વે.(અઠવા)ઝોન/આર.ટી.આઈ./આ./૩૮
તારીખઃ ૩૧/૦૧/૨૦૧૩.

ન. રવાના : જાહેર માહિતી અધિકારી અને નાયબ આરોગ્ય અધિકારીશ્રી આશિષ કે. નાયક, અઠવાઝોન પ્રતિ, જાણ તથા અમલ સારૂ...
ન. રવાના : જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી, (ઈનડોર સ્ટેડીયમ, અઠવા ઝોન) સુરત પ્રતિ, જાણ તથા અમલ સારૂ.
ન. રવાના : સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ આર.ટી.આઈ.સેલ, સુરત મહાનગરપાલિકા) સુરત પ્રતિ, જાણ સારૂ...
ન. રવાના : શ્રી પિંકલ પી. ઘીવાલા પ્રતિ, જાણ સારૂ.

ફોન નંબર : ૨૬૬૩૦૪૯–૫૦
૨૬૬૭૯૨૬

અઠવા ઝોન ઓફિસ, સુરત મહાનગરપાલિકા, સુરત.

પ્રથમ અપીલ અધિકારી અને

કાર્યપાલક ઈજનેર,

સાઉથ વેસ્ટ (અઠવા) ઝોન,

**અપીલ અરજી નં.ઈન્ડોર સ્ટે./૦૧, તા.૨૭/૦૬/૨૦૧૬**

**આઈ.ડી.નં.૬૧૨, તા.૧૦/૦૨/૨૦૧૬ (મ. કચેરી)**

અરજદાર :– શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ

સામાવાળા :– જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી
ઈનડોર સ્ટેડીયમ ( અઠવા ઝોન )

**ફરીયાદની હકીકત :–**

**વિષય :–** રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ ૨૦૦૫ હેઠળની શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની મુળ અરજી તા.૧૦–૦૨–૨૦૧૬ માં જણાવ્યા મુજબ આપની કચેરીમાં ગુજરાત રાજય વર્તણૂંક નિયમ અન્વયે તા. ૦૧/૦૧/૨૦૧૦ થી આજદિન સુધીના તમામ જાહેર સેવકો વિગેરે મુદ્દા નં. (૧) થી (૨) અંગેની વિગતવાર માહિતી માંગતી અરજી બાબત.

**સંદર્ભ :–** અરજદારની તા. ૧૦–૦૨–૨૦૧૬, આઈ. ડી. નં. ૬૧૨ (મધ્યસ્થ કચેરી)ની અરજી તેમજ અત્રેની તા.૨૭/૦૬/૧૬ ની પ્રથમ અપીલ અરજી નં.ઈન્ડોર સ્ટે./૦૧.

ઉપરોકત વિષયે આર.ટી.આઈ. એકટ હેઠળ અરજી કરનાર અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલની રાઈટ ટુ ઈન્ફોર્મેશન એકટ – ૨૦૦૫ હેઠળની માહિતી માંગતી અરજીમાં જણાવ્યા મુજબ આપની કચેરીમાં ગુજરાત રાજય વર્તણૂંક નિયમ અન્વયે તા. ૦૧/૦૧/૨૦૧૦ થી આજદિન સુધીના તમામ જાહેર સેવકો વિગેરે મુદ્દા નં. (૧) થી (૨) અંગેની વિગતવાર માહિતી માંગતી અરજી મધ્યસ્થ કચેરીના ઈનવર્ડ નં. ડી/૧૧૩૭૨, તા. ૧૦/૦૨/૨૦૧૬ થી નોંધેલ તેમજ તેઓની અરજીનો આઈ.ડી.નં. ૬૧૨, તા.૧૦–૦૨–૨૦૧૬ થી પડેલ. જે અરજી જાહેર માહિતી અધિકારી અને પ્રથમ શ્રેણી કલાર્કશ્રી (મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા) સુરતએ તેઓના પત્ર ક્રમાંક : સી/આર.ટી.આઈ./૬૧૨, તા.૧૦/૦૨/૨૦૧૬ થી જાહેર માહિતી અધિકારી અને મેનેજરશ્રી (ઈનડોર સ્ટેડીયમ, સુરત મહાનગરપાલિકા) સુરતની કચેરીને તબદીલ કરેલ. તે અરજી તેઓનાં પત્ર ક્રમાક નં. ઈન્ડોર સ્ટે. / ઈન/આરટીઆઈ / ૨૦, તા.૨૨–૦૨–૨૦૧૬ થી નોંધાયેલ હતી અને અત્રેની કચેરીમાં તે અરજીનો તેઓનો અ.નં.૧૪ થી પડેલ હતો. જે અરજીના અનુસંધાનમાં જાહેર માહિતી અધિકારી અને મેનેજર (ઈન્ડોર સ્ટેડીયમ, સુરત મહાનગરપાલિકા) સુરત ધ્વારા તેઓના પત્ર નં. ઈન્ડોર સ્ટે. / આર.ટી.આઈ. / જા. ૧૫, તા.૦૩–૦૩–૨૦૧૬ થી "અરજીમાં માંગ્યા મુજબ ઈનડોર સ્ટેડીયમ વિભાગની માહિતીના મુદ્દા નં. ૨ અન્વયે જણાવવાનું કે,સદર માહિતી સુરત મહાનગરપાલિકાની વેબસાઈટ www.suratmunicipal.gov.in પર ઉપલબ્ધ છે. જે જોઈ જવા વિનંતી છે. " તે મુજબનો જવાબી પત્ર પાઠવવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારે નિર્દિષ્ટ સમયમાં મળેલ પ્રતિભાવમાં જવાબથી અસંતોષ હોવાનું જણાવી. **<u>પ્રથમ અપીલ અરજી</u>** મધ્યસ્થ કચેરીમાં આપેલ. જે અરજી મધ્યસ્થ કચેરી, સુરત મહાનગરપાલિકા, સુરતએ તેઓના ઈનવર્ડ નં. ડી/૨૪૫૪, તા.૦૭/૦૬/૨૦૧૬ થી નોંધેલ અને તેઓના પત્ર નં. સી/એફએપી/૪૪, તા.૧૪/૦૬/૨૦૧૬ થી સુરત મહાનગરપાલિકાના જુદા જુદા ઝોન/ ખાતાના અપીલ અધિકારી સહિત અત્રેના ઈનડોર સ્ટેડીયમ વિભાગને તબદીલ કરેલ. જે અરજી અત્રેનાં પત્ર ક્રમાક નં.ઈનડોર સ્ટે./આરટીઆઈ/ઈન/૦૮, તા. ૨૭–૦૬–૨૦૧૬ થી અને પ્રથમ અપીલ અરજી નં.ઈનડોર સ્ટે./૦૧, તા.૨૭/૦૬/૨૦૧૬ થી નોંધાયેલ હતી.

ત્યારબાદ ઉકત અપીલ અરજી બાબતે અરજદારશ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ તેમજ જાહેર માહિતી અધિકારી અને મેનેજર (ઈનડોર સ્ટેડીયમ) ને હમો નીચે સહી કરનાર પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર (સા.વે.ઝોન) સુરતની કચેરી સમક્ષ તા.૦૮/૦૭/૨૦૧૬ નાં રોજ ૧૨.૩૦ કલાકે અપીલ અંગેની રૂબરૂ સુનાવણીમાં હાજર રહેવા અત્રેનાં પત્ર નં. ઈનડોર સ્ટે./આર.ટી.આઈ./અપીલ/જા./૦૧, તા.૦૪/૦૭/૨૦૧૬ થી જણાવવામાં આવેલ હતુ. જે ઉકત જણાવેલ તારીખ અને સમયે અરજદારશ્રી ગેરહાજર રહેલ. જયારે લાગત જાહેર માહિતી અધિકારી અને મેનેજર (ઈનડોર સ્ટેડીયમ) ઉકત જણાવેલ તારીખ અને સમયે અપીલ અંગેની રૂબરૂ સુનાવણી દરમ્યાન હાજર રહેલ હતા અને તેમનો પક્ષ તથા વિગતો અંગે નીચે મુજબ રજુઆતો કરેલ હતી.

અરજદારને તા.૦૩/૦૩/૨૦૧૬ના પત્ર નં.ઈન્ડોર સ્ટે./આર.ટી.આઈ./જા./૧૫ થી મુદ્દા નં.૨ મુજબ કર્મચારીઓની ટુંકી માહિતી આપી, વિગતે માહિતી સુ.મ.પા.ની વેબસાઈટ ઉપરથી મેળવી લેવા જણાવેલ. જયારે ગીફટ રજીસ્ટર નિભાવવા બાબતે કોઈ જાણકારી ન હોય, જે નિભાવવામાં આવેલ નથી.

આમ, અરજદારશ્રીની અપીલ અંગેની રજુઆત બાબતે લાગત જાહેર માહિતી અધિકારી અને મેનેજર (ઈનડોર સ્ટેડીયમ) તરફથી મોકલેલ પ્રત્યુત્તર સહ તેઓનો પક્ષ રજુ કરવામાં આવેલ. જયારે અરજદાર અપીલ અરજીની સુનાવણીમાં હાજર રહયા ન હતા.

## હુકમ

અરજદારશ્રીની મૂળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં પ્રથમ અપીલ અરજી નં. ઈન્ડોર સ્ટે./૦૧, તા.૨૭/૦૬/૨૦૧૬ની અરજી અન્વયે નીચે મુજબનો હુકમ કરી, અપીલનો નિકાલ કરવામાં આવે છે.

"અરજદારશ્રીની અત્રેની તા.૨૨/૦૨/૨૦૧૬ની અરજીનાં અનુસંધાને માંગવામાં આવેલ માહિતીઓ પૈકી લાગત જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારશ્રીને જવાબી પત્ર પાઠવવામાં આવેલ હોય, જે ધ્યાને લેતા અપીલ અરજી અંગે વિશેષ કોઈ કાર્યવાહી કરવાની રહેતી ન હોઈ, અપીલ અરજી દફતરે કરવામાં આવે છે."

પ્રથમ અપીલનાં હુકમ કે તેની અમલવારી બાબતે આપ નારાજ કે અસંતુષ્ટ હોય તો આર. ટી. આઈ. એકટનાં કાયદાની કલમ ૧૯ (૩) હેઠળ ગુજરાત માહિતી આયોગ, "કર્મયોગી ભવન", બ્લોક નં. ૧, બીજોમાળ, નિર્માણ ભવનની પાછળ, સેકટર–૧૦–એ, ગાંધીનગરને પ્રથમ અપીલનાં હુકમથી દિન –૯૦ માં નામદાર આયોગશ્રીને બીજી અપીલ કરવા અંગેની જોગવાઈ છે.

સહી/–
(બી. કે. ગઢીયા)
પ્રથમ અપીલ અધિકારી અને કાર્યપાલક ઈજનેર
સાઉથ વેસ્ટ (અઠવા)ઝોન,
સુરત મહાનગરપાલિકા.

નં.ઈનડોર સ્ટે./આર.ટી.આઈ./જા./૧૦
તારીખઃ–૧૪–૦૭–૨૦૧૬.

ન. રવાના : શ્રી વિનોદભાઈ રામજીભાઈ પટેલ પ્રતિ, જાણ સારૂ.
ન. રવાના : લાગત જાહેર માહિતી અધિકારી અને મેનેજર, ઈનડોર સ્ટેડીયમ, સુરત પ્રતિ, જાણ સારૂ.
ન. રવાના : સેકશન ઓફિસરશ્રી (મધ્યસ્થ આર.ટી.આઈ.સેલ, સુરત મહાનગરપાલિકા) સુરત પ્રતિ, જાણ સારૂ...